# શહેરમાં ડેન્ગ્યુ-ચિકનગુનિયાનો ઉપદ્રવ વધ્યો

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. રોગચાળો ઘટવાને બદલે દિવસે ને દિવસે વધી રહ્યો છે. વાઈરલ બિમારીની સાથે ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના દર્દીઓ સતત વધી રહ્યા છે. ત્યારે સાંજ ઢળતા જ શહેરના ખાનગી દવાખાના દર્દીઓથી ઉભરાતા હોય છે. મોડીરાત સુધી નંબર લઈને દર્દીઓ સારવાર માટે બેઠા હોય છે.

ગાંધીનગર શહેરમાં શહેરીજનો બેવડી સિઝનનો અનુભવ કરી રહ્યા છે. બપોરના સુમારે ગરમી તો સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો અનુભવાય છે. ત્યારે કોરોનાની કળ વળી નથી ત્યાં વાઈરલ બિમારી ચાલુ થઈ ગઈ છે. જેમાં શરદી, ઉધરસ, તાવ, સહિત મેલેરીયા, ટાઈફોઈડ, કમળાના દર્દીઓ પણ નોંધનીય સંખ્યામાં જોવા મળી રહ્યા છે. ત્યારે શહેરમાં રોગચાળો અજગરી ભરડો લઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં દરેક ઘરમાં પાંચ વ્યકિતના પરિવારમાં બે વ્યકિત બિમાર હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. જેમાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના દર્દીઓ વધુ જોવા મળી રહ્યા છે. શિયાળાની સિઝનમાં દરેક વ્યકિતઓને શરીરમાં હાંડકા તેમજ સાંધા તો દુખતા હોય છે. તેવા સમયમાં ચિકનગુનિયાની બિમારી થતા નાગરીકોની હાલત કફોડી બની જાય છે. ગાંધીનગર સિવિલમાં પણ ઓપીડીમાં દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. સામાન્ય દિવસો કરતા બમણી ઓપીડી જોવા મળી રહી છે. જયારે મેડીસીન વોર્ડ પણ દર્દીઓથી ભરચક જોવા મળી રહ્યા છે. તો શહેરની ખાનગી હોસ્પિટલ અને દવાખાનાઓમાં પણ વિવિધ બિમારીની સારવાર માટે દર્દીઓ રીતસરની દોટ મુકી રહ્યા છે.

### વાવોલ વિસ્તારમાં પણ 'વાઈરલ' બિમારીઓનું જોર વધ્યું

ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં પણ અત્યારે તાવ, મેલેરિયા-ડેન્ગ્યુ ઉપરાંત શરદી-સળેખમ, શરીર તુટવું, માથા-સાંધાના દુઃખાવો જેવી બિમારીઓનું જોર વધેલું જણાઈ રહ્યું છે. વાવોલ નજીકના કલ્પ સેવા કેન્દ્ર ઉપરાંત વાવોલના અર્બન હેલ્થ સેન્ટર સહિત ખાનગી દવાખાનામાં પણ દર્દીઓની લાંબી લચક લાઈનો જોવા મળે છે. અર્બન હેલ્થ સેન્ટરના કર્મચારીઓ દ્વારા ડોર-ટુ-ડોર સર્વેની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે જેમાં વાઈરલ બિમારીઓનું જોર વધ્યું હોવાનું જણાઈ રહ્યું છે.

# મનપાના સેનેટરી ઈન્સ્પેકટર પર હુમલો

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર મહાનગર પાલિકાની સેકટર-૩૦ મુકિતધામ પાસે આવેલી ડમ્પીંગ સાઈટ પર નોકરી કરતા સેનેટરી સબ ઈન્સ્પેકટર પર સાથે ફરજ બજાવતા કર્મચારી સહિત પાંચ શખ્સોએ હુમલો કર્યો છે. ફરજ અંગે ઠપકો આપ્યો હતો જેને પગલે આ હુમલો કરાયો હતો. નીચી જાતિના થઈને સાહેબો બની ગયા છો તમે કહો તે કરવાનું કરી કર્મચારી અને અન્ય વ્યકિતઓએ લાકડાના દંડા તેમજ પાઈપ વડે માર મારતા સેનેટરી ઈન્સ્પેકટર ઘાયલ થયા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર મહાનગર પાલિકામાં સેનેટરી સબ ઈન્સ્પેકટર તરીકે વિપુલ બાબુભાઈ રાઠોડ સેકટર-૩૦ ડમ્પીંગ સાઈટ ખાતે ફરજ પર હાજર હતા. તે સમયે અચાનક સાંજના સુમારે ગજેન્દ્રસિંહ પરમાર નામનો કર્મચારી આવીને ઓફિસના અન્ય કર્મચારી ભેમાભાઈ ખરાડી સાથે વાતચીત કરી રહ્યો હતો. જેથી ભેમાભાઈએ રેગ્યુલર નોકરી પર ન આવતા હોવાથી ઠપકો આપ્યો હતો. જેથી ગજેન્દ્ર એકદમ રોષે ભરાયો હતો અને સેનેટરી ઈન્સ્પેકટ તેમજ તેમના ભાઈ પર ત્યાં ફરજ બજાવતા હોવાથી તેઓને પણ અપશબ્દો બોલવા લાગ્યો હતો.જેથી વિપુલભાઈએ બોલવાની ના પાડતા ગજેન્દ્રસિંહ વધુ ઉશ્કેરાઈને જાતિ વિષયક અપશબ્દો બોલી કહેવા લાગ્યો કે તમે નીચી જાતિના થઈને સાહેબ થઈ ગયા છો. તેમ કહો તેમ અમારે કરવાનું કહીને ગાળાગાળી કરીને લાકડા વડે માર મારવા લાગ્યો હતો. ત્યારબાદ ગજેન્દ્રસિંહે તેના ભાઈ વિજયસિંહને ફોન કરીને બોલાવી લીધા હતા. તેઓ પણ બે મિત્રો સાથે આવી ગયા હતા. વિજયસિંહ પણ સેનેટરી ઈન્સ્પેકટર પર તુટી પડયા હતા.જયારે ગજેન્દ્રસિંહે માથાના ભાગે પાઈપ ફટકારી હતી. સાંજે ઝઘડો થતા મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થઈ ગયા હતા. પાંચ જેટલા વ્યકિતઓ એક સેનેટરી ઈન્સ્પેકટર પર તુટી પડતા ગંભીર ઈજાઓ પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે પાંચ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



દિવાળીની રજાઓમાં ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં પ્રવાસીઓ ઉમટી પડ્યા છે. બાળકો સાથે પરિવારો ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લઈ રહ્યા છે. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પ્રાકૃતિક વાતાવરણમાં વિહરતા વાંદરા, મોર અને ખિસકોલી જેવા પ્રાણીઓને બાળકો ખૂબ જ પ્રેમથી ખાદ્યપદાર્થો ખવડાવી આનંદ મેળવી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના, નવા વર્ષમાં અમે ખાસ કાંઈ નવું નહી કરીએ... કોરોનાથી બચવા માસ્ક પહેરીશું, પૈસા બચાવવા પેટ્રોલનો વપરાશ ઓછો કરીશું... પ્લાસ્ટીકનો ઉપયોગ ઓછો કરવા ઘરેથી થેલી લઈને શાક લેવા જઈશું...!

# દિવાળીમાં શહેરના કોર્પોરેટ સેકટરે કરી કંજુસાઈ..!!

**કોરોનાની સ્થિતિ શુધરી છતાં તેના બહાને બોનસ-ગીફ્ટ્સમાં મુકાયો કાપ : સ્વીટ્સ-ડ્રાયફ્રુટ્સના બદલે ચોકલેટ્સથી અને ઓછા બોનસથી કામ ચલાવાયું**

ગાંધીનગર, તા. ૧૦
દિવાળી આવે એટલે સૌ માટે ખુશીઓ લાવે તેવું માનવામાં આવે છે અને આ વર્ષે કોરોના મહામારીના લાંબા કપરા કાળમાંથી રાહત પછીની દિવાળી હોવાને કારણે ચોતરફ ઉત્સાહ જણાતો હતો. શેરબજાર સહિત અર્થતંત્રમાં તેજીના અણસાર મળી રહ્યાં છે તેમ છતાં ગાંધીનગરના કોર્પોરેટ સેકટરમાં "દિવાળી" મંદી રહી હોવાના અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યાં છે. પાટનગરના કોર્પોરેટ સેકટરમાં આ વર્ષની દિવાળીમાં બોનસથી માંડીને ગીફ્ટ્સ વગેરેમાં ભારે કાપ મુકાયો હતો જેના કારણે કંપનીઓના કર્મચારીઓ તથા લાગતી-વળગતી એજન્સીઓમાં નિરાશા પ્રવર્તેલી અનુભવાઈ રહી છે.

ગાંધીનગરમાં ઈન્ફોસિટીથી માંડીને ગીફ્ટસિટી સુધીનો વિકાસ થવા પામ્યો છે જેમાં અનેક નાની-મોટી કોર્પોરેટ કંપનીઓએ પોતાનો પગદંડો જમાવી વ્યવસાય ચલાવી રહી છે. આ સાથે પાટનગરની જીઆઈડીસીઓમાં પણ હવે અનેક કંપનીઓનો વિકાસ સારી રીતે થયો છે તેમજ નવી કંપનીઓ પણ અસ્તિત્વમાં આવી છે. પાટનગર સાથે જોડાયેલા આ કોર્પોરેટ સેકટરમાં અસંખ્ય કર્મચારીઓ પોતાની આજીવિકા રળી રહ્યાં છે. જેમાં યુવા કર્મચારીઓની સંખ્યા ખૂબ મોટી છે. દર વર્ષે દિવાળીમાં કોર્પોરેટ કંપનીઓ દ્વારા પોતાના કર્મચારીઓને એક પગાર જેટલું બોનસ તેમજ દિવાળી ગીફ્ટ અને સ્વીટ્સ અથવા ડ્રાયફ્રુટ જેવી ભેટ આપવાનો શિરસ્તો જોવા મળતો હતો. શહેરમાં સ્થિત જાણીતી આઈટી કંપનીના એક કર્મચારીએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું છે કે ગત વર્ષે તો કોરોના હાઈપિક પર હતો છતાં કંપની દ્વારા દિવાળી બોનસ કે ગીફ્ટમાં કસર રાખવામાં આવી નહોતી પરંતુ આ વર્ષે કંપની દ્વારા કેટલાંક કર્મચારીઓની છટણી કરવામાં આવી છે તેમજ જે કર્મચારીઓને નોકરીમાં ચાલુ રખાયાં છે તેમના દિવાળી બોનસમાં કાપ મુકવામાં આવ્યો છે. આ માટે કંપનીના અધિકારીઓ કોરોના કાળની મંદીના કારણે "કોસ્ટ કટીંગ પોલીસી"અપનાવાઈ રહી હોવાનું જણાવી રહ્યાં છે. "ગીફ્ટસિટીમાં કાર્યરત એક કંપનીની યુવા મહિલા કર્મચારીએ પણ આ પ્રકારની સ્થિતિ જણાવી હતી. વળી, ગાંધીનગરમાં કોર્પોરેટ કંપનીઓ સાથે ગર્વમેન્ટ લાઈઝનીંગ કે અન્ય સેવાઓ જેવી કે કેબ સર્વિસ, ફૂડ સપ્લાય, વૉટર સપ્લાય, સેનેટરી, સિક્યુરિટી તેમજ માર્કેટીંગ-સેલ્સ અથવા બ્રાન્ડિંગ વગેરેને લગતી એજન્સીઓના મેનેજર્સ પણ કોર્પોરેટ ગીફ્ટ્સમાં 'કાપ' મુકાયો હોવાનું અનુભવી રહ્યાં છે. કંપની દ્વારા સ્વીટ્સ-ડ્રાયફ્રુટ પેકેટ્સના કરવામાં આવતા "વ્યવહાર" પર પણ કોરોનાની મંદીની અસર વર્તાઈ રહી છે. મોટાભાગની કંપનીઓએ ગીફ્ટ્સ આપવાનું લિસ્ટ લગભગ અડધું કરી નાંખ્યુ હતુ અને જેને લિસ્ટમાં સામેલ કરાયાં હતા તેમને પણ મોંઘી ગીફ્ટ્સ કે ડ્રાયફ્રુટ્સની જગ્યાએ પેન સેટ કે ચોકલેટસ અથવા કુકીંઝથી ચલાવી લીધું હતું.



નવા વર્ષે આંગણે આવનારનું મ્હોં મીઠું કરાવવાની આપણે ત્યાં શુભ પ્રથા છે પરંતુ જેના આંગણામાં બે ટંક ચુલો માંડ પ્રજવલિત થવા પામતો હોય તેના માટે તો 'મ્હોં મીઠું' કરવાનું કે કરાવવાનું ક્યાંથી પાલવે ? જો કે શહેરના વંચિતોની આ વ્યથાને અનુલક્ષીને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા જ્યોતિ મહિલા મંડળ અને અરૂણોદય સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નૂતન વર્ષે વંચિતોનું મ્હોં મીઠું કરાવવાની પ્રથા પાળવામાં આવે છે. આ વર્ષે પણ શહેરની ઝુંપડપટ્ટીઓમાં રહેતા વંચિત પરિવારોની પાસે રૂબરૂ જઈને તેમનું 'મ્હોં મીઠું' કરાવવાની કાળજી લેવામાં આવી હતી અને આ શુભ સેવાકાર્યમાં વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચ સહિત પ્રદિપભાઈ સોલંકી અને નિસર્ગ બુચ વગેરે જોડાયા હતા અને વંચિત પરિવારોને મિઠાઈ વિતરણ કર્યુ હતુ.

## સાદરા સંકુલના સલામતી સેવકોને મીઠાઈનું વિતરણથી સેવાકાર્ય કરાયું

સાદરા, તા. ૧૦
ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ., એમ.એ. વિભાગના ૨૫ સલામતી સેવકોને એક એક કિલો મીઠાઈનું વિતરણ સંકુલના સંયોજક શ્રી રમેશભાઈ મ. પટેલના સહયોગથી કરી મહાત્મા ગાંધીજીના અંત્યોદય વિચારને સાર્થક કરી છેવાડાના વ્યક્તિ-કુટુંબમાં સેવાકાર્ય કરાયાનું ઉદાહરણ ગ્રામ સમાજ, રાજ્ય સમાજ અને રાષ્ટ્ર સમાજને પૂરું પાડ્યું.



## ખૂણેખાંચરેથી

- રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે મંત્રીમંડળના સાથીઓ સાથે પત્રકારોનો સ્નેહમિલન કાર્યક્રમ નૂતન વર્ષને લઈ યોજ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા અને શહેરમાં કોરોના વેક્સિનેશન અભિયાન હવે હાઉસ ટુ હાઉસ સઘન રીતે યોજાશે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- સરકાર દ્વારા યોજાતા કાર્યક્રમોમાં સ્થાનિક પદાધિકારીઓનો આમંત્રણ આપવા તેમજ તેમનો પ્રોટોકોલ જાળવવામાં આવે તેવો એક પરિપત્ર સરકારે જારી કર્યો છે.
- ગાંધીનગર મનપાના નાયબ મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવે પણ બે દિવસથી નાદુરસ્ત થયા છે.
- સ્માર્ટ સીટીના સી.ઈ.ઓ.ની આજે વી.સી. યોજાઈ હતી જેમાં હોટલ-રેસ્ટોરન્ટ્સમાં ખાદ્યાન્તોની ગુણવત્તા જળવાઈ રહે તેના પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.
- રાજ્યના મુખ્ય સચિવે આજે કોરોના વેક્સિનેશન અભિયાન તેમજ વિકાસ યાત્રા સહિતના વિવિધ કાર્યક્રમો અંગે તંત્રની કામગીરીને લઈ સમીક્ષા કરી હતી.
- દહેગામના ભર બજારમાં ટેન્કરે ટક્કર મારતા એક્ટિવા લઈ જતા વેપારીનું મોત નીપજ્યું હતું.

# ટીસીએસમાં ફરજ બજાવતા મહિલા સાથે રૂ.૧૦ હજારની છેતરપિંડી

**મહિલા ઘરે ઓનલાઈન કલાસ ચલાવતા હોવાથી તેના નાણા ઓનલાઈન ટ્રાન્સફર કરવાનું કહીને શખ્સે મહિલાના બેંક એકાઉન્ટમાંથી ગુગલ પે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી**

ગાંધીનગર,તા.૧૦
ગાંધીનગર શહેરને પાદરે આવેલી ટીસીએસ ફરજ બજાવતા મહિલા અધિકારી ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા છે. મહિલા ઘરે ઓનલાઈન કલાસ ચલાવતા હોવાથી તેના નાણા ઓનલાઈન ટ્રાન્સફર કરવાનું કહીને શખ્સે મહિલાના બેંક એકાઉન્ટમાંથી ગુગલ પે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી છેતરપિંડી આચરી છે. ઓનલાઈન છેતરપિંડી અંગે મહિલાએ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરજ બજાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ મધ્ય પ્રદેશ જબલપુરના વતની અને હાલ બાલ મુકુંદ હાઈટ્સમાં ૪૨ વર્ષિય અકાંક્ષા બ્રિજ બિહારીલાલ વર્મા પોતાના બહેન સાથે રહે છે. જયારે અકાંક્ષા ટીસીએસ ખાતે છેલ્લા આઠ વર્ષથી આઈટી કન્સટલર તરીકે નોકરી કરે છે અને ઘરે સ્પોકશન ઈંગ્લીશના કલાસ કરાવે છે.

ત્યારે ગત તા.૧૨-૮-૨૧ ના રોજ મહિલા ઘરે હાજર હતા તે સમયે ફોન આવ્યો હતો. સામે વાળાએ પોતાની ઓળખ ફૌજી તરીકે આપી હતી અને બે બાળકને સ્પોકન ઈંગ્લીશના કલાસ કરવાના છે. તેની કેટલી ફી છે કેટલો સમય છે, જયારે ફરીયાદીએ ત્રણ માસનો કોર્ષ અને રૂ.૮ હજાર ફી ની વાત કરી હતી. જેથી બે બાળકોની ૧૬ હજાર ફી હોવાથી સામેવાળા શખ્સે એડવાન્સ ૫૦ ટકા ફી ગુગલ પે મારફતે મોકલી આપીશ તેમ કહ્યું હતું. જેથી શખ્સે ગુગલ પે યુપીઆઈ આઈડી માંગતા તે આપ્યું હતું.

જયારે શખ્સે થર્ડ પાર્ટી દ્વારા નાણા આવશે. જેથી તમે મારા ગુગલ પે માં રૂ.૫ ટ્રાન્સફર કરો, ત્યારબાદ સામેવાળા શખ્સે રૂ.૧૦ મોકલી આપ્યા હતા. ત્યારબાદ શખ્સે ફરીવાર યુપીઆઈ આઈડી પર રીકવેસ્ટ મોકલી હતી. જેને પગલે મહિલાએ સામેવાળાના એકાઉન્ટમાં રૂ.૧૦ મોકલી આપ્યા હતા. ત્યારબાદ મહિલાએ ફોન કરીને પુછતા તેણે સામેથી મારા ખાતામાં પૈસા આવ્યા નથી તેમ જણાવ્યું હતું. ત્યારે મહિલાએ ઈન્ફોસીટી પોલીસ મથકે છેતરપિંડીની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# આજે જલારામબાપાની ૨૨૨મી જન્મ જયંતિ

ગાંધીનગર, તા. ૧૦
'રામ નામ મેં લીન હૈ, દેખત સબ મેં રામ, તાકે પદ વંદન કરું, જય જય જય જલારામ'ની પ્રાર્થના સાથે સંત શિરોમણી પરમ પૂજ્ય જલારામબાપાની ૨૨૨મી જન્મજયંતિની આજે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. યાત્રાધામ વિરપુરમાં સંત શિરોમણી પૂજ્ય જલારામબાપાની ૨૨૨મી જન્મજયંતિ કારતક સુદ સાતમનાં રોજ ઉજવવામાં આવે છે.

સંત જલારામબાપાનો જન્મ લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો. તે ભગવાન રામના ભક્ત હતા. જલારામબાપાને ગૃહસ્થ જીવન કે પોતાના પિતાનો વ્યવસાય સ્વીકારવામાં કોઈ રસ નહોતો. તેઓ હંમેશા યાત્રાળુઓ, સંતો અને સાધુઓની સેવામાં રોકાયેલા રહેતા. જલારામબાપાનું મુખ્ય સ્મારક રાજકોટના જેતપુર શહેર નજીક વીરપુરમાં આવેલું છે. આ સ્મારક તે જ ઘર છે જ્યાં જલારામબાપા તેમના જીવનકાળ દરમ્યાન રહેતા હતાં. તેને તેના મૂળ સ્વરૂપે સાચનવવામાં આવ્યું છે. આ સ્મારકમાં જલારામબાપા દ્વારા વાપરવામાં આવેલી વસ્તુઓ અને તેમના દ્વારા પૂજાની રામ-સીતા, લક્ષ્ણ અને હનુમાનની મૂર્તિઓ મુકવામાં આવી છે.

આજના જમાનામાં પણ એવી માન્યતા છે કે જો ખરા હૃદયથી જલારામબાપાને પ્રાર્થના કરવામાં આવે તો તેઓ ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે. આ મનોકામના પૂર્તિને 'પરચા' કહેવાય છે. ભક્તો એવી પ્રાર્થના કરે છે કે જો તેમની મનોકામના પૂર્ણ થાય તો તેઓ ગુરૂવારે ઉપવાસ કરશે અથવા જલારામબાપાના મંદિરે જશે. અથવા તેમને મળેલા પરચાને રાજકોટથી પ્રસિદ્ધ થતા સામાયિક જલારામ જ્યોતમાં છપાવશે આવા અગણિત પરચા ભક્તોને થયા છે તેથી જલારામબાપાની ખ્યાતિ વિશ્વભરમાં પ્રસરી અને તેમના મંદિર દરેક સ્થળે જોવા મળે છે.

જલારામના ભક્તો કે ભક્ત સમુહો પ્રસાદ સ્વરૂપે ભોજન જમાડે છે. આ દિવસે વીરપુરમાં મોટો મેળો ભરાય છે. આ દિવસે જલારામબાપાના દર્શન માટે ખીચડી અને બુંદી-ગાંઠીયાનો પ્રસાદ લેવા ભક્તોનો ધસારો થાય છે.

### ભક્તરાજ જલાબાપાનું મહિમાગાન

- જલા તું તો અલ્લાહ કહેવાણો,
અમર તારો લેખ લખાણો....
ગાગર જેવડા વીરપુર ગામમાં,
સાગર જેવડો સંત,
દશે દિશાએ ડંકો વગાડ્યો,
કોણ પામે તારો અંત?
લાખો દિલડાંમાં સમાણો... અમર તારો
હિમગિરિ જેવી પાઘડી તારી,
ને અમૃત જેવાં નેણ,
ભાવભીનું તારું મુખડું જાણે,
બોલશે મીઠડાં વેણ,
ભાલે જૂનો જોગ છૂપાણો.... અમર તારો
ઊજળું દિલ ને ઊજળું અંગરખું,
હું તું ના બાંધ્યા બંધ,
ડોકમાં માળા ને હાથમાં માળા,
ભક્તિની આપે સુગંધ,
ગામેગામ તું તો ગવાણો... અમર તારો
કુળ તાર્યું ને સેવકો તાર્યા,
વળી તાર્યા મા ને બાપ,
જેને જેને તારો સંગ થયો,
તેનાં ધોવાણાં પાપ અમાપ,
થાશે કોણ આવો લોહાણો... અમર તારો
સામે સામે તારી છબી નિહાળું
ને આંખડી શીતળ થાય,
જન તારા સહુ સુખી રહો,
ગોવિંદજી એમ ગાય,
જલો મોંઘાં મોતીનો દાણો... અમર તારો
પૂ. બાપાની કૃપા સૌ નિરંતર અનુભૂત કરતાં રહે અવી પ્રાર્થના....
જય જલારામ



### જલારામ જયંતિ નિમિત્તે કાર્યક્રમ

શહેરમાં સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે જલારામ જયંતિ નિમિત્તે સવારે ૬.૪૫ થી સાંજે ૬.૪૫ દરમ્યાન ધૂન, સવારે ૮.૦૦ કલાકે શોભાયાત્રા, સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાકે અન્નકૂટ દર્શન, સાંજે ૬.૪૫ કલાકે મહાઆરતી યોજાશે. જેમાં જલારામ સેવા સમાજના પ્રમુખ તથા કારોબારી સમિતિ દ્વારા સર્વેને નિમંત્રણ પાઠવ્યું છે.

# ખ-૫ પાસે કાર- બાઈક વચ્ચે અકસ્માતમાં એકને ઈજા

**બાઈક ચાલક નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચતા ૧૦૮ માં ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા**

ગાંધીનગર, તા.૧૦
ગાંધીનગર શહેરના ખ-૫ સર્કલ પાસે કાર ચાલકે બાઈકને ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક નીચે પટકાતા શરીરે ઈજાઓ પહોંચતા ૧૦૮ માં ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક વાવોલ સંકલ રેસીડેન્સી બી,૩૦૨ ખાતે પરિવાર સાથે રહેતા સુરજીત જગજીતસિંઘ શીખ મંડપ ડેકોરેશનનો વ્યવસાય કરે છે. જયારે સુરજીતસિંઘ પાસે બજાજ એવેન્જર નં. જી. જે. ૧૮. સી. એલ. - ૬૮૭૫ છે જેનો ઉપયોગ વેપાર ધંધા અર્થે આવન જાવન માટે કરે છે. ગત તા.૩ નવેમ્બરના રોજ સવારના સમયે ફરીયાદી બાઈક લઈને તેમના પત્નિને જુના સચિવાલય ખાતે નોકરી પર મુકવા ગયા હતા. સચિવાલય મુકીને તેઓ ઘરે પરત ફરતા હતા. તે સમયે ખ-૫ સર્કલ પાસે અચાનક ખ-૬ તરફથી આવી રહેલી કાર નં. જી.જે.૦૮.બી.એસ.૮૧૯૫ ના ચાલકે બાઈકને ટકકર મારતા અકસ્માત થયો હતો. જેમાં બાઈક ચાલક નીચે માર્ગ પર પટકાતા ડાબા ખભાના ભાગે તેમજ જમણા પગના ઢીંચણ પર ઈજા પહોંચી હતી. જયારે ગાડીનો ચાલક અકસ્માત કરી નાસી ગયો હતો. જે દરમિયાન નાગરીકો એકઠા થઈ ગયા હતા. ૧૦૮ ને કોલ કરતા આવી જતા ગાંધીનગર સિવિલ ખાતે ઈજાગ્રસ્તને લઈ ગયા હતા. જયાં ડાબા ખભાનો એકસ રે પાડ્યા બાદ ફ્રેકચરનું નિદાન થયું હતું.ત્યારબાદ હાઈટેક અને ત્યાંતી પગરવ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે કાર ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.